| Innovation ID | DTP0010000002499 | Sr No : 1 |
|---|---|---|

**Innovation Title** પશુને મીણો (Bloat)

**Category** પશુ સંવર્ધન

**Notebook Number** Iok (૧) ૪ Aug– ૧૯૯૬ Pg No. ૧૦

**Brief** પશુને મીણો (Bloat) ચડે તો દહીંનો ઉપયોગ

**Detail**

પશુ કાચી જુવાર, એરંડા કે બગડી ગયેલ ખાણદાણ વગેરે ખાવામાં આવે તો મીણો (Bloat) ચડે છે. ખાસ કરીને ઘેંટા અને બકરામાં આ સમસ્યા વધુ જોવા મળે છે.

પશુને મીણો ચડે ત્યારે પશુના મોઢામાંથી સફેદ રંગનું ફીણ નીકળે છે, પશુનો શ્વાસોચ્છવાસ ઝડપ બને છે, શ્વાસ લેવામાં બહુ તકલીફ પડે છે, સ્નાયું ખેંચાય છે, શરીરમાં તાણ આવે છે, પેટનો ભાગ ફૂલી જાય છે, ચક્કર આવે છે, મોઢાની અંદરની ત્વચા ભૂરાશ પડતી થઈ જાય છે, લાળ ઝરે છે અને પશુ બેચેની અનુભવે છે.

ઝાલોદ તાલુકાના હોળી પીપળા ગામના કલસિંગભાઈ લાલજીભાઈ ભાંભોર આવી સમસ્યા વખતે પશુનો મીણો ઉતારવા માટે લગભગ ૨૫૦ ગ્રામ દહીં પીવડાવવામાં આવે છે. દહીં ઓછું હોય તો તેમાં પાણી ઉમેરી વલોવીને છાશ પીવડાવવાથી પશુને રાહત થાય છે.
દિવસમાં ત્રણવાર આ પ્રમાણે દહીં કે છાશ પીવડાવવાથી એક દિવસમાં જ પશુને સારુ થઈ જાય છે.
છેલ્લા ૨૦ વર્ષથી તેઓ પોતાના પશુઓને આ રીતે સારવાર કરે છે.
આ પદ્ધતિ પરંપરાગત છે.

અન્ય ઉપોયગકર્તા ખેડૂતોના નામ
– ભાભોર કેવળભાઈ ઘરસિંહભાઈ
– ભાભોર તેરસિંહભાઈ બદીયાભાઈ
– ભાભોર રમણભાઈ બચુભાઈ
– ભાભોર દિતાભાઈ બચુભાઈ
– બાભોર નાનસિંહ નાગજીભાઈ

(ડૉ. અંજારીયાના જણાવ્યા મુજબ, કાચી અથવા ફરીવાર ફૂટેલી જુવાર, લંઘાઈ ગયેલો રજકો કે વધારે પડતા વીલાયેલા બાવળના પાન ખાવાથી મીણો ચડે છે. આ પદાર્થોમાં રહેલ હાઈડ્રોસાયનીક એસીડ કે જે જલદ ઝેર છે તેને લીધે મીણો ચડે છે. આવા પદાર્થો વધુ પ્રમાણમાં ખાવામાં આવેલ હોય તો જાનવર અડધો કલાકમાં મરી જાય છે. તેનો તાત્કાલિક યોગ્ય ઉપચાર કરવો હિતાવહ છે.

(નોંધ – આ પદ્ધતિનું પી.આઈ.સી. કિરણસિંહ રાઠવાએ તા. ૧૧–૬–૦૬ના રોજ કરેલ છે. આ પદ્ધતિ સાચી છે.)
આ પદ્ધતિનો ઉપયોગ હાલ જરૂર પડે ત્યારે કરે છે અને ગામના ઘણા વ્યક્તિ જાણે પણ છે

**Method of Use**

**Caution**

**Benefit**

**Condition**

**Material Used** દહીં

**IPR Status**

**Keywords** મીણો, Bloat, ઘેટાં, દહીં, જુવાર, દાહોદ

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૫૫૦ | Member Type | Scout |
|---|---|---|---|

First Name સુરેશ | Middle Name પી | Last Name ભાભોર

Profession | Designation

Address 1

Village | Taluka

District | State Gujarat | Country India

Biography

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૨૩૫૮ | Member Type | Innovator |
|---|---|---|---|

First Name કલસિંગભાઈ | Middle Name ખીમાભાઈ | Last Name ભાભોર

Profession | Designation

Address 1

Village મુ.પો. જામ્બુઆ | Taluka ગરબાડા

District Dahod | State Gujarat | Country India

Biography

કલસિંગભાઈની ઉમર ૩૦ વર્ષ છે. તેઓ ૧૨ પાસ છે. તેમની પત્ની છે. તેમને સંતાનો નથી. માતાપિતા માં માતા છે. તેમની પાસે ૨ એકર જમીન છે. પિયતની સુવિધા નથી. મકાઈ, બાજરી, ડાંગર, મગ, ઘઉ વગેરે પાકો પકવે છે. ૨ પશુઓ છે. ખેતી આવકનું સાધન છે.

ગામનો પરિચય-

આ ગામની વસ્તી અંદાજે ૨૦૦૦ જેટલી હશે. ગામમાં કુવા, તળાવ, પોસ્ટ ઓફિસ, પંચાયત જેવું આવેલું છે. આ ગામમાં ૧થી ૭ ધોરણની પ્રાથમિક શાળા તથા ૮થી ૧૦ ધોરણની હાઈસ્કુલ પણ આવેલી છે. ગામમાં શિક્ષણની સુવિધા છે અને શિક્ષણનું પ્રમાણ પણ સારૂ એવું જોવા મળે છે. ગામમાં પટેલીયા, ભાભોર, હરિજન જેવી જ્ઞાતિના લોકો વસે છે. તેઓની આવકના સાધનો ખેતી તથા મજુરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. તેઓનો મુખ્ય પાક મકાઈ, ડાંગર, બાજરી, મગ, ઘઉ જેવા પાકો પકવે છે. જમીન કાળી માટીની જોવા મળે છે. આંબા, બાવળ, નીલગીરી, જેવા વૃક્ષો જોવા મળે છે. ગામથી તાલુકાનું અંતર ૭ કિલોમીટર દૂર રહે છે. જ્યારે જિલ્લો ગામથી ૨૭ કિલોમીટર દૂર આવેલો છે. ગામમાં પાકા રસ્તા ન હોવાથી વાહન વ્યવહારની અવર જવર ઓછા જોવા મળે છે.

| Member ID | DTP૦૦૧૦૦૦૦૦૦૦૬૧૭૫ | Member Type | Verifier |
|---|---|---|---|

First Name કિરણસિંહ | Middle Name રતનસિંહ | Last Name રાઠવા (ચૌહાણ)

Profession | Designation

Address 1

Village મુ. મેઘરી, પો. કંજેટા | Taluka ધાનપુર

District Dahod | State Gujarat | Country India

Biography